પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૬ | ૨૭ એપ્રિલ, ૨૦૧૯, શનિવાર; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યભરમાં હીટવેવ : પારો ૪૪ને પાર

**સુરેન્દ્રનગર, કંડલા એરપોર્ટ, અમરેલી, ભુજમાં પારો ૪૪થી ઉપર : કાળઝાળ ગરમીના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયુ : હિટવેવની ચેતવણી અકબંધ**

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ સહિત ગુજરાતભરમાં આગઝરતી ગરમીના કારણે લોકો ભારે પરેશાન થઈ ગયા છે. આજે રાજ્યના જુદા જુદા ભાગોમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચી ગયો હતો. આગામી ૨૪ કલાક દરમિયાન પારો હજુ પણ ઉપર જવાની સંભાવના રહેલી છે. અમદાવાદ શહેરમાં આવતીકાલે પારો આજ કરતા પણ વધી શકે છે. હિટવેવની ચેતવણી મોટાભાગના વિસ્તારો માટે જારી કરાઈ છે. આજે ગુજરાતભરમાં મોટાભાગના વિસ્તારોમાં પારો રોકેટગતિએ વધ્યો હતો. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૪.૪, ભુજમાં ૪૪.૨, કંડલા એરપોર્ટમાં ૪૪.૧ અને અમરેલીમાં પારો ૪૪ સુધી પહોંચ્યો હતો. આ તમામ વિસ્તારમાં જનજીવન ગરમીના કારણે ખોરવાઈ ગયું હતું. અમદાવાદમાં પણ પારો ૪૩.૩ સુધી પહોંચ્યો હતો. ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૩.૫ રહેતા તંત્ર પણ સાવચેત થઈ ગયું છે. કોર્પોરેશન દ્વારા એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. ગરમીથી બચવા માટે જુદી જુદી જગ્યાઓએ પાણીની પરબની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત હિટવેવની સ્થિતિ વચ્ચે સાવચેતી રાખવા માટે સલા પણ આપવામાં આવી છે. આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ વધવાની પૂરી શકયતા છે ત્યારે લોકો અત્યારથી



જ બળબળતીથી ગરમીથી ત્રાહિમામ્ પોકારી ગયા છે. મહત્તમ તાપાનમાં સતત વધારો થતાં લોકો પરેશાન થયેલા છે. સાથે સાથે બાળકો અને મોટી વયના લોકો બિમારીના સકંજામાં આવી ગયા છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ ૪૨થી પણ ઉપર પારો પહોંચી ગયો હતો. કાળઝાળ ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો અને રસ્તાઓ સુમસામ બન્યા હતા. કાતિલ ગરમીથી લોકો હવે પરેશાન થવા લાગ્યા છે. હવામાન વિભાગે કહ્યું છે કે, ઉત્તર ગુજરાત ખાસ કરીને બનાસકાંઠા અને સાબરકાંઠાના જુદા જુદા ભાગોમાં સૌથી વધારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ અનેક વિસ્તારોમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. અમરેલી, સુરેન્દ્રનગર અને કચ્છમાં પણ કાતિલ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદ માટેની આગાહીમાં પણ ચિંતાજનક બાબત દર્શાવવામાં આવી છે.

### ક્યાં કેટલું તાપમાન

| સ્થળ | મહત્તમ |
|---|---|
| અમદાવાદ | ૪૩.૩ |
| ડિસા | ૪૩ |
| ગાંધીનગર | ૪૩.૫ |
| અમરેલી | ૪૪ |
| રાજકોટ | ૪૩.૬ |
| સુરેન્દ્રનગર | ૪૪.૪ |
| ભુજ | ૪૪.૨ |
| કંડલા એરપોર્ટ | ૪૪.૧ |

## પીએમના હેલિકોપ્ટરની તપાસ કરનાર સનદી અધિકારીનું સસ્પેન્સન રદ

ન્યુ દિલ્હી,તા.૨૬

ચૂંટણી પંચે પીએમ મોદીના વિમાનની તપાસ કરનારા આઈએએસ અધિકારી મોહમ્મદ મોહસિનનું સસ્પેન્સન રદ કરી દીધું છે. મોહસિને ચૂંટણી ફરજ દરમિયાન ઓડિશા ખાતે પીએમ મોદીના હેલિકોપ્ટરની તપાસ કરી હતી. ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે સિનિયર અધિકારીને તપાસ માટે ઓડિશામાં મોકલવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, ચૂંટણી પંચે કર્ણાટક સરકારને ૧૯૯૬ની બેચના આઈએએસ ઓફિસર સામે શિસ્તભંગના પગલાં લેવાનો આદેશ કર્યો છે.

બેંગલુરુ ખાતે આવેલા સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યૂનલ તરફથી આઈએએસ અધિકારીના સસ્પેન્સનના આદેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ ચૂંટણી પંચ તરફથી આ આદેશ કરવામાં આવ્યો હતો.

આ મામલે સીએટીએ ચૂંટણી પંચ અને બીજા ચાર લોકોને નોટિસ પાઠવી છે. આ મામલે વધુ સુનાવણી ૬ જૂનના રોજ થશે.

## ઈપીએફ પર વ્યાજદર વધારી ૮.૬૫ ટકા કરાયો

**છ કરોડને સીધો લાભ : કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા ઇપીએફઓના નિર્ણયને મંજુરી અપાઈ : ૨૦૧૮-૧૯માં ૮.૬૫ ટકા વ્યાજદર ચુકવવાનો નિર્ણય કરાયો : ત્રણ વર્ષના ગાળામાં ૨૦૧૮-૧૯માં પ્રથમવાર વધારો કરવામાં આવ્યો**

નવીદિલ્હી, તા. ૨૬

એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ (ઈપીએફ) પર નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૬.૬૫ ટકા વ્યાજ મળશે. કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા વ્યાજદર વધારવાના ઈપીએફઓના નિર્ણયને મંજુરી આપી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયનો લાભ આ ક્ષેત્રમાં કામ કરનાર આશરે છ કરોડથી વધારે કર્મચારીઓને મળશે. ઘટનાક્રમ અંગે માહિતી ધરાવનાર લોકોએ કહ્યું છે કે, કેન્દ્રીય નાણા મંત્રાલય હેઠળ કામ કરનાર નાણાંકીય સેવા વિભાગ (ડીએફએસ) દ્વારા ઈપીએફઓને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઈપીએફ ઉપર વ્યાજદર ૮.૬૫ ટકા કરવાના નિર્ણયને મંજુરી આપી દેવામાં આવી છે.

આ પહેલા ફેબ્રુઆરી મહિનામાં કેન્દ્રીય શ્રમ મંત્રી સંતોષ ગંગવારના નેતૃત્વમાં ઈપીએફઓની ટોચની સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઈપીએફ ઉપર વ્યાજદરને વધારીને ૮.૬૫ ટકા કર્યો હતો જે ત્રણ વર્ષની અંદર વ્યાજદરમાં પ્રથમ વખત વધારો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ઈપીએફ ઉપર વ્યાજદર ૮.૫૫ ટકા કર્યો હતો જેને વધારી ૮.૬૫ ટકા કરવામાં આવ્યો હતો. ઈપીએફઓ દ્વારા પહેલા ૨૦૧૬-૧૭માં વ્યાજદરને ઘટાડીને ૮.૬૫ ટકા કરવામાં આવ્યો હતો જે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૮.૮ ટકા હતા. ઈપીએફઓ વ્યાજદરને લઈને છેલ્લા ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી હતી પરંતુ આજે આને લઈને મંજુરી મળી ગઈ છે. બીજી બાજુ નાણામંત્રાલય દ્વારા લિસ્ટેડ કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવતી રોયલ્ટી ઉપર નિયંત્રણ મુકવાની સામે વાંધા ઉઠાવ્યા છે.

### ન્યુઝ ટ્રેક

**માયાવતી સામે ફરીયાદ દાખલ**

સીબીઆઈએ ઉત્તરપ્રદેશમાં માયાવતીના શાસનકાળ દરમ્યાન ૨૧ સરકારી ખાંડ મીલોમાં થયેલા વેચાણની અનિયમિતતા બાબતે તપાસ શરૂ કરી છે. આ મામલે બસપા સુપ્રિમો માયાવતીની મુશ્કેલીઓ વધી શકે છે. આ બાબતે સીબીઆઈએ એફઆઈઆર પણ દાખલ કરી છે.

**રોહિત શેખરની પત્નિને કસ્ટડીમાં મોકલાઈ**

એનડી તિવારીના દીકરા રોહિત શેખરની હત્યાના મામલે સુનવણી કરી પત્નિ અપૂર્વાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી અપાઈ છે. અપૂર્વા પર પતિ રોહિત શેખરનુ ગળુ દબાવી હત્યાનો આરોપ છે.

**કાર્તિ ચિદમ્બરની ધરપકડ પર રોક**

એરસેલ-મેક્સિસ ડીલ મામલે દિલ્હીની પટીયાલા હાઉસ કોર્ટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમ અને તેમના દીકરા કાર્તિ ચિદમ્બરની ધરપકડ પર લગાવેલી રોક ૬ મે સુધી વધારી દીધી છે. ઈડીએ આ મામલે સુનવણી ચાર સપ્તાહ માટે સ્થગિત કરવાની માંગ કરી છે. કારણ કે સીંગાપુરથી લેટર્સ રોજેટરીની પ્રતિક્રિયાનો ઈન્તજાર છે.

## વારાણસીમાં મોદીએ ઉમેદવારીપત્ર ભર્યું

**તમામ દિગ્ગજોની ઉપસ્થિતિ : ઉમેદવારીપત્ર દાખલ કરતા પહેલા કાલભૈરવ મંદિરમાં પહોંચ્યા : પૂજા અર્ચના કર્યા બાદ મોદીએ કલેક્ટરની ઓફિસ ખાતે જઇને ઉમેદવારીપત્ર દાખલ કર્યા : પ્રકાશસિંહ બાદલ તેમજ અન્નપૂર્ણા શુક્લાના ચરણ સ્પર્શ કર્યા**



વારાણસી, તા. ૨૬

લોકસભા ચૂંટણી ૨૦૧૯ના મહાસમરમાં વારાણસી સીટ ઉપર દેશભરની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. વડાપ્રધાન મોદીએ આજે વારાણસી લોકસભા સીટ પરથી ઉમેદવારીપત્ર દાખલ કર્યું હતું. આની સાથે જ આ લોકસભા ક્ષેત્રમાં ઉત્સુકતા વધી ગઈ હતી. નોમિનેશનના પાંચમાં દિવસે કલેક્ટોરેટમાં મોદીએ ઉમેદવારીપત્ર દાખલ કર્યું હતું. કલેક્ટર રુમમાં પ્રવેશ થતાંની સાથે જ મોદીએ તમામ પ્રસ્તાવકો સાથે મુલાકાત કરી હતી. આ ગાળા દરમિયાન મોદીએ મહિલા પ્રસ્તાવક અન્નપૂર્ણા શુક્લાના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. આ પહેલા મોદીએ કાશીના કોતવાલ અથવા તો કાલભૈરવ મંદિરમાં જઈને દર્શન કર્યા હતા. પૂજા અર્ચના કર્યા બાદ મોદી ઉમેદવારી નોંધાવવા માટે કલેક્ટર ઓફિસ પહોંચ્યા હતા. અહીં એનડીએના દિગ્ગજ નેતાઓ પહેલાથી જ ઉપસ્થિત રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## નિરવ મોદી ૨૪મી મે સુધી રિમાન્ડ પર

નવી દિલ્હી, તા. ૨૬

બ્રિટનની કોર્ટે આજે હિરા કારોબારી નિરવ મોદીને કોઈ રાહત આપી ન હતી. નિરવ મોદી હવે ૨૪મી મે સુધી રિમાન્ડ ઉપર રહેશે. પંજાબ નેશનલ બેંક સાથે છેતરપિંડી અને મની લોન્ડરિંગના કેસમાં આરોપી રહેલા નિરવ મોદીને ૨૪મી મે સુધી વધુ રિમાન્ડ આપી દીધા છે. બ્રિટનની કોર્ટે આજે આ મુજબના રિમાન્ડ આપ્યા હતા. ૪૮ વર્ષીય નિરવ મોદી ગયા મહિનામાં ધરપકડ કરવામાં આવ્યા બાદથી દક્ષિણ પશ્ચિમ લંડનમાં વેન્ડ્સવર્થ જેલમાં સળિયા પાછળ છે. જેલમાંથી વિડિયો લિંક મારફતે વેસ્ટમિનિસ્ટર મેજિસ્ટ્રેટની કોર્ટ સમક્ષ નિરવ મોદીને રજૂ કરવામમાં આવ્યા બાદ દલીલોની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ખુબ જ ટુંકા ગાળામાં સુનાવણી ચાલી હતી. જજે તરત જ ૨૪મી મે સુધી રિમાન્ડ પર રાખવાનો આદેશ કરી દીધો હતો. જજ દ્વારા ૩૦મી મેના દિવસે સંપૂર્ણપણે સુનાવણી હાથ ધરવામાં આવશે. વેસ્ટમિનિસ્ટર મેજિસ્ટ્રેટની કોર્ટની મહિલા જજ એમ્મા દ્વારા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો.

## પાકિસ્તાનમાં ત્રણ કલાકમાં કોઈપણ સ્થળને ફૂંકી શકાય : એરફોર્સ

**બાલાકોટમાં છ પૈકી પાંચ ટાર્ગેટ ફૂંકી મરાયા હતા : ચોક્કસ કારણોસર હુમલાના વિડિયો બનાવવામાં સફળતા મળી ન હતી : ઓપરેશનમાં જોડાયેલા પાયલોટોનું સન્માન**

નવી દિલ્હી,તા. ૨૬

ઈન્ડિયન એરફોર્સની સમીક્ષામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય હવાઈ દળ સમગ્ર પાકિસ્તાનમાં ત્રણ કલાકની અંદર જ કોઈપણ ટાર્ગેટ ઉપર યોગ્યરીતે ત્રાટકી શકે છે અને તેની કુશળતા આમા રહેલી છે. બાલાકોટમાં હવાઈ દળ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં છ પૈકી પાંચ ટાર્ગેટ સફળરીતે પાર પાડવામાં આવ્યા હતા અને ત્રાસવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો હતો. ભારતીય હવાઈ દળના પરાક્રમના સંદર્ભમાં એરસ્ટ્રાઈકની સમીક્ષા રિપોર્ટમાં તમામ વિગતો સપાટી ઉપર આવી છે. ભારતીય હવાઈ દળ એરસ્ટ્રાઈકને લઈને કોઈ વિડિયો બનાવી શકી ન હતી. હકીકતમાં હુમલા દરમિયાન હવામાનની સ્થિતિ ખરાબ હતી જેથી હવાઈ દળે લક્ષ્ય ઉપર ટાર્ગેટ બનાવવાના લાઈવ વિડિયો બનાવી શકી ન હતી. હવાઈ દળે કહ્યું છે કે જ્યારે આતંકવાદી કેમ્પો ઉપર યોગ્ય લક્ષ્ય બનાવીને હુમલા કરવમાં આવ્યા ત્યારે ઈઝરાયેલી એર ટુ સરફેસ મિસાઈલ અથવા હવાઈથી જમીનમાં માર કરનાર મિસાઈલો લોંચ કરવામાં આવી ન હતી. આ મિસાઈલથી લક્ષ્યને તોડી પાડવાની પ્રક્રિયા માટે વિડિયો બનાવવાની તૈયારી હતી. હળવા વાદળો હોવાના કારણે કાર્યવાહીમાં સમયે સ્પાઈસ ૨૦૦૦ ગ્લાઈડ બોંબની સાથે ક્રિસ્ટલ મેજમિસાઈલો લોંચ કરવામાં આવી હતી. એમ માનવામાં આવ્યું હતું કે, આ મિસાઈલથી વિડિયો બની જશે પરંતુ વાદળો હોવાના લીધે વિડિયો બની શક્યા ન હતા.

● અનુસંધાન પાન-૭ પર








